# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PM 12 YEARS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ કરવા બદલ ભારતને 'નવી દિશા' આપવાનો શ્રેય આપ્યો છે. શ્રી પટેલે પ્રધાનમંત્રી મોદીના સમયગાળાને "અટલ સેવા, સુશાસન અને ગરીબોના સતત કલ્યાણ" દ્વારા ચિહ્નિત કરાયેલો સમયગાળો ગણાવ્યો હતો. સોશિયલ મીડિયા પર શ્રી પટેલે કહ્યું હતું કે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ' ના મંત્ર સાથે, પ્રધાનમંત્રીએ કરોડો ભારતીયોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે, "ગુજરાતે તેમના સતત માર્ગદર્શનમાં વિશ્વ સમક્ષ વિકાસનું એક અનોખું મોડેલ રજૂ કર્યું છે.

# ARVALLI PRAGATI PATH YATRA

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી સરકારના 12 વર્ષ નિમિત્તે અરવલ્લી જિલ્લામાં આજે પ્રગતિપથ યાત્રા યોજાઇ, જેમાં છેલ્લા 12 વર્ષમાં થયેલા વિકાસ કાર્યો અને સરકારની વિવિધ યોજનાઓની ઝાંખીઓ રજૂ કરવામાં આવી. મોડાસા ખાતે યોજાયેલી આ પ્રગતિપથ યાત્રાના પ્રસ્થાન બાદ સાંસદ શોભના બારૈયાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: SHOBHANABEN BARAIYA, MP)**

# BJP CANDIDATE

રાજ્યસભાની ચૂંટણી માટે રાજ્યમાંથી ભાજપના ચારેય ઉમેદવારોઓએ આજે ગાંધીનગર ખાતે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્રો ભર્યા. ભાજપના ઉમેદવારો રાજુ શુક્લા, મુકેશ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર કણજારીયાના ઉમેદવારી પત્રો ભરવાના પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા. ઉમેદવારી પત્ર ભર્યા બાદ મુકેશ રાઠવાએ પ્રતિક્રિયા આપી.

(BYTE: MUKESH RATHWA – CANDIDATE)

# DGP GS MALIK

IPS અધિકારી જી એસ મલિકે આજે વિધિવત રાજ્યના પોલીસ વડા-DGPનો કાર્યભાર સંભાળ્યો છે. DGP બન્યા પહેલા શ્રી મલિક અમદાવાદના પોલીસ કમિશનર હતા. આજે ચાર્જ સાંભળ્યા બાદ તેમણે ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુના પર નિયંત્રણ લાવવા પર ભાર આપ્યો.

**(BYTE: G.S. MALIK, DGP)**

# GUJARAT MUSEUM

છેલ્લાં બે વર્ષમાં 16 લાખથી વધુ મુલાકાતીઓએ રાજ્યના વિવિધ સંગ્રહાલયની મુલાકાત લીધી. રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ કાર્યરત પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો. પંકજ શર્માએ જણાવ્યું, બદલાતા સમય સાથે ડિજિટલ ટેક્નોલોજીના સમન્વયથી મ્યુઝિયમ માત્ર કલાકૃતિઓના સંગ્રહસ્થાન ન રહેતા જ્ઞાન અને સંસ્કૃતિના જીવંત કેન્દ્રો બન્યા છે.

તેમણે ઉમેર્યું, છેલ્લા 12 વર્ષમાં અનેક નવા સંગ્રહાલય પણ બન્યા છે જેમાં કચ્છીઓની ખમીરને દર્શાવતું સ્મૃતિવન, ગાંધી વિચારના વારસાને જીવંત કરતું દાંડી કુટીર અને પ્રધાનમંત્રીના વતન વડનગરના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા વડનગર એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમનો સમાવેશ થાય છે.

# BHAVNAGAR – NEW ACADEMIC SESSION

આજથી રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે.

ભાવનગર જિલ્લામાં સત્રના પ્રથમ દિવસે સરકારી માધ્યમિક શાળા, રેવા ખાતે ધોરણ-૯ ના નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.શાળાના પ્રવેશદ્વાર પર જ શિક્ષકો અને વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા કુમકુમ તિલક અને કંકુ-ચોખા લગાવીને નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું અને દરેક વિદ્યાર્થીને હાર પહેરાવીને તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

# WEATHER FC

આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર  શરૂઆતના દિવાસોમાં દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ બાદ ઉત્તર ગુજરાતમાં હળવા વરસાદની શક્યતા છે. બીજી તરફ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી 4 દિવસ સુધી વાતાવરણ શુષ્ક રહેશે. જો કે, 12 જૂનથી 14  જૂન દરમિયાન સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દરમિયાન આગામી 7 દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યમાં સૌથી વધુ તાપમાન રાજકોટ અને અમદાવાદમાં 41.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.